BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# 2021 ન્યૂ ઈયર્સ લેવી માટે મેયર પૅટ્રિક બ્રાઉન અને કાઉન્સિલર્સ સાથે ઓનલાઈન જોડાઈ જાવ

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 9, 2021) – મેયરની ન્યૂ ઈયર્સ લેવી (New Year's Levee) ની લાંબા સમયથી ચાલતી પરંપરા માટે શનિવારે, ફેબ્રુઆરી 13 નાં રોજ, સવારે 11 થી બપોરે 12 વાગ્યા સુધી મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown) અને કાઉન્સિલના સભ્યો સાથે વર્ચ્યુઅલી જોડાઈ જાવ.

આ વર્ષે, COVID-19 અને સમગ્ર પ્રોવિન્સમાં શટડાઉનને લીધે, મેયર્સ લેવી કાર્યક્રમ ઓનલાઈન થશે. મેયર પૅટ્રિક બ્રાઉન અને કાઉન્સિલના સભ્યો સ્વાગત સંદેશાઓ જણાવશે, ત્યાર પછી મેયર નૂતનવર્ષ નિમિત્તે સંબોધન કરશે.

આ કાર્યક્રમના ભાગરૂપે, લોકો પોતાના બ્રેમ્પટનના જ્ઞાનની સાથે સાથે બ્રેમ્પટન ટ્રિવિયા રમતનું જ્ઞાન ચકાસી શકે છે. આ રમત સેલ ફોન્સ પર, Kahoot (કહૂટ) ઍપનો ઉપયોગ કરીને (જે ઍપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે) અથવા ઓનલાઈન વેબસાઈટ www.kahoot.it/ પર રમી શકાય છે. ટોચના પાંચ સ્પર્ધકો કર્બસાઇડ પિકઅપ સાથે ઓનલાઈન ખરીદીની સવલત આપતા ડાઉનટાઉનના સહભાગી ધંધાઓનું ઈ-ગિફ્ટ કાર્ડ જીતશે.

આ વર્ષની લેવીમાં વર્ચ્યુઅલ ફોટો બૂથ પણ જોવા મળશે જ્યાં લોકો પોતાના અને પોતાના કુટુંબીજનોના ફોટા પાડી શકે છે અને પછી ફોટોને ઓનલાઈન હૅશટૅગ #BramptonLevee પર વહેંચી શકે છે.

બ્રેમ્પટનની પોતાની ક્રિસ્ટિના હૌરન (Cristina Howorun) જે ટોરોન્ટોમાં CityTV સાથે કાર્યરત એવોર્ડ-વિજેતા પત્રકાર છે, આ કાર્યક્રમ હોસ્ટ કરશે.

કાર્યક્રમની બધી વિગતો ઓનલાઈન વેબસાઈટ www.brampton.ca/events પર જુઓ.

ન્યૂ ઈયર્સ લેવી એક પરંપરા છે જેને કેનેડામાં ફેડરલ, પ્રોવિન્સિયલ, રીજીયનલ અને મ્યુનિસિપલ સ્તરની સરકારો ઉજવે છે. વિતેલા વર્ષો દરમિયાન, સીટી ઓફ બ્રેમ્પટનની ન્યૂ ઈયર્સ લેવી રહેવાસીઓ માટે ઉજવણીભર્યું સ્વાગત અને મેયર અને કાઉન્સિલર્સને મળવાની તક પૂરી પાડવાની સાથે સાથે સંખ્યાબંધ જુદા જુદા સ્વરૂપોમાં જોવામાં આવી છે.

**અવતરણ (ક્વૉટ):**

"ન્યૂ ઈયર્સ લેવીની પરંપરા ન્યૂ ઈયર માટે શુભેચ્છાઓ અને શ્રેષ્ઠ ભાવનાઓની આપલે કરવા માટે છે. તે ગત વર્ષના કાર્યક્રમો પર પ્રતિબિંબ પાડવાની અને બ્રેમ્પટનમાં આગામી વર્ષે તકોને આવકારવાની તક પણ બની રહે છે. ન્યૂ ઈયર્સ લેવી આ વર્ષે જુદી હોઈ શકે ત્યારે, તે ચાલુ રહેનારી મહત્વની પરંપરા છે. હું આ વર્ષની ઉજવણીઓ માટે રહેવાસીઓ સાથે જોડાવા આશાવાદી છું!"

– *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપથી વિકાસ પામતા શહેરો પૈકી એક હોવા સાથે બ્રૅમ્પટન 6,50,000 લોકોનું ઘર છે અને તેમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કરીએ છીએ તેનું હાર્દ લોકો છે. અમને અમારા વૈવિધ્યસભર સમુદાયોથી જોમ મળે છે, અમે નિવેશ આકર્ષીએ છીએ અને અમે એવા પ્રવાસનો આરંભ કરી રહ્યા છીએ જે ટેક્નોલોજિકલ અને પર્યાવરણીય ઈનોવેશન તરફ દોરી જાય છે. અમે પ્રગતિની ભાગીદારી એક સ્વાસ્થ્યપ્રદ શહેર બનાવવા કરીએ છીએ જે સલામત હોય, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

BRAMPTON

# Media Release

**મિડિયા સંપર્ક**
ગુરવિંદર સિંઘ
સંકલનકર્તા, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
સ્ટ્રેટેજિક કમ્યુનિકેશન્સ
સિટી ઓફ બ્રેમ્પ્ટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca